# મે.સુરતનાં મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ (મેઈન)
# શ્રી વિમલ કે.વ્યાસ સાહેબની કોર્ટમાં, મુ.સુરત

## હુકમનામું/ એવોર્ડ

**મોટર એકસીડન્ટ કલેઈમ પીટીશન નં.૩/૨૦૨૦**

**આંક : ૨૫**

અરજદાર : (૧) ગીતાબેન નામદેવ જાવલે
ઉ.આ.વ.૩૨, ધંધો : ઘરકામ
રહે.જે/૧૭, જયરાજ સોસાયટી,
ઈચ્છાપોર, તા.ચોર્યાસી, સુરત.

(૨) આરતી નામદેવ જાવલે
ઉ.આ.વ.૧૯, ધંધો : અભ્યાસ

(૩) સગીર પુજા નામદેવ જાવલે
ઉ.આ.વ.૧૪, ધંધો : અભ્યાસ

(૪) સગીર સાહિલ નામદેવ જાવલે
ઉ.આ.વ.૧૨, ધંધો : અભ્યાસ

(૫) સગીર દિપક નામદેવ જાવલે
ઉ.આ.વ.૧૦, ધંધો : અભ્યાસ
તમામ રહે.એજન.
(સગીર અરજદાર નં. ૨ થી ૫ નાં વાલી અને ઈસ્ટમિત્ર તરીકે અરજદાર નં.૧)

**અરજદાર નાં વકીલ : શ્રી આર.સી.મહિન્દ્રકર**

## વિરૂધ્ધ

સામાવાળા : (૧) પીન્ટુકુમાર નાથુનપ્રસાદ મૌર્યા (કુસવાહ)
ઉ.આ.વ.૩૬, ધંધો : ડ્રાઈવીંગ
રહે. રૂમ નંબર ૩૨૮, શાંતાનગર, સુનીલભાઈનાં મકાનમાં,
પોલીસ કોલોની, બોમરોલી રોડ, પાંડેસરા, સુરત.

(૨) ઉમેશભાઈ જીવાનભાઈ ચૌહાણ
ઉ.આ.વ.પુખ્ત ધંધો : વેપાર,
રહે.એ–૧૦૪, હરિઓમનગર, હરિદ્વાર સોસાયટી સામે,
અડાજણ, સુરત.

(૩) ગો–ડીજીટ જનરલ ઈન્સ્યુરન્સ કંપની લી.
ઠે. રત્નાકર નાઈન સ્કવેર, એ/૧૦૦૨, દસમો માળ,
કેશવબાગની સામે, વસ્ત્રાપુર, અમદાવાદ

**સામાવાળા નં.૧,૨ તર્ફે વકિલ શ્રી જે.જે.જાની**

**સામાવાળા નં.૩ તર્ફે વકિલ શ્રી એસ.કે.દેસાઈ**

**ફરીયાદ દાખલ કર્યા તારીખ : ૦૧–૦૧–૨૦૨૦**

**ફરીયાદ ફેંસલ કર્યા તારીખ : ૧૧–૦૨–૨૦૨૩**

**દાવો : મોટર વ્હીકલ એકટ ની કલમ નં.૧૬૬ મુજબ**
**વળતર ની રકમ રૂા.૨૬,૦૦,૦૦૦/– મેળવવા બાબત..**

અરજદારની અરજ એવી છે કે, તા.૧૪–૧૧–૨૦૧૯ નાં રોજ સવારે ૦૯:૪૦ વાગ્યાનાં સુમારે અરજદારનાં પતિ નામદેવભાઈ મારૂતિ સુઝુકી એસ.ટી.એમ.કાર નં.જી.જે.–૦૫–એફ.એફ.–૬૪૩૬ને ધકકો મારીને ઈચ્છાપોર તરફ લઈ જતાં હતા ત્યારે ટ્રક નં.જીજે–૦૫–એ.વી.–૬૭૬૯ નાં ચાલકે પોતાનાં કબજામાંની મજકૂર ટ્રક પુરઝડપે, બેદરકારીથી ચલાવી મજકુર કારને પાછળથી જોરથી ટકકર મારી અકસ્માત કરેલો. જેથી અરજદારનાં પતિ અડફટમાં આવતાં તેમનાં શરીરે ગંભીર ઈજાઓ થતાં, અવસાન પામેલા.

સદર બનાવ અંગે સામાવાળા નં.૧ વિરૂધ્ધ ઈચ્છાપોર પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી.નં.૭૦/૨૦૧૯ થી ગુન્હો નોંધાયેલ છે.

જેનાં વળતર પેટે રૂા.૨૬,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા છવ્વીસ લાખ પુરા) મેળવવા માટે અરજી કરેલ છે. અરજદારે હાલની વળતર અરજી નાદારીમાં દાખલ કરેલ છે.

આજ તારીખ ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ નાં રોજ સુરતનાં ઈ.ચા.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ અને મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ (મેઈન) શ્રી ઉપેન્દ્ર એમ.ભટ્ટ સાહેબ રૂબરૂ અરજદાર તરફે વકીલ **શ્રી આર.સી.મહિન્દ્રકર** અને સામાવાળા નં.૩ તરફે **વકીલ શ્રી એસ.કે.દેસાઈ** ની હાજરીમાં આખરી નિકાલ માટે નેશનલ લોક અદાલતમાં નિકળ્યા ઉપરથી કરારદાદ **આંક– ૨૪** ઉપરથી તા.૧૧–૦૨–૨૦૨૩ નાં હુકમ મુજબ એવો હુકમ કરવામાં આવે છે કે,

અરજવાળા અકસ્માત બદલ ચુકવણી માટે સામાવાળા નં. ૩ તે આથી એવો હુકમ કરવામાં આવે છે કે, રૂા.૧૬,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા સોળ લાખ પુરા) ની રકમ ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે.

સદરહું અકસ્માત બદલ સામાવાળા નં.૩ એકમતે, એકજૂથે રૂા.૧૬,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા સોળ લાખ પુરા) ચુકવણી માટે સામાવાળા નં.૩ ને આથી એવો હુકમ કરવામાં આવે છે કે, રૂા.૧૬,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા સોળ લાખ પુરા) અરજદારને ચુકવે અને આ રીતે ઉપર મુજબ નકકી થયેલી રકમની ચુકવણીથી સામાવાળા નં.૩ પોતાના આ કલેઈમ અં ગેની જવાબદારીમાંથી સંપૂર્ણ મુકત થયેલા ગણવાનાં છે. ઉપરોકત રકમમાંથી અરજદારને વચગાળાની રકમ ચુકવેલ હોય, તો તે રકમ વ્યાજસહિત બાદ કરવાની રહેશે.

સદર આ રકમની ચુકવણી થયેથી આ કલેઈમ અંગેની જવાબદારીમાંથી સામાવાળા નં.૧ થી ૩ સંપૂર્ણપણે મુકત થયેલા ગણાશે. આ કામમાં જોડાયેલા અરજદાર સિવાય બીજા કોઈનું હિત નથી.

સદરહું રકમ સામાવાળાએ સમાધાનની તારીખ થી ત્રણ માસમાં ટ્રીબ્યુનલમાં જમા કરાવવી. જો એ પ્રમાણે જમા કરાવે નહિં તો ઉપરોકત રકમ આજની તારીખ થી ૬ ટકા વ્યાજ સહિત ચુકવવાની રહેશે.

લીગલ સર્વિસ ઓથોરીટી એકટ–૧૯૮૭ ની કલમ ૨૧ મુજબ જયારે લોક અદાલતમાં કલમ–૨૦(૧) હેઠળ મુકેલ કેસોમાં સમાધાન અથવા સેટલમેન્ટ થયેલ હોય, ત્યારે એવા કેસોમાં કોર્ટ ફી એકટ–૧૮૭૦ હેઠળ ચુકવેલ કોર્ટ ફી રીફંડ કરવાની રહેશે.

કોર્ટ ફી એક્ટ–૧૮૭૦ ની કલમ–૧૬ ની જોગવાઈ મુજબ જ્યારે દાવાવાળા પક્ષકારોને સિવિલ પ્રોસીજર કોડ–૧૯૦૮ ની કલમ–૮૯ માં કરેલ કોઈપણ રીટની તકરારની સમાધાન માટે રીફર કરે ત્યારે અરજદાર એવા દાવામાં ભરેલ કોર્ટ ફી ની પુરેપુરી રકમ કલેક્ટર પાસેથી લેવા માટે કોર્ટમાંથી પ્રમાણપત્ર લેવાને હકદાર રહેશે. આથી આવા કેસોમાં કોર્ટ ફી વસુલાત કરવાની જરૂરિયાત રહેતી નથી, અને જો કોઈ કોર્ટ ફી રકમ જમા કરાવેલ હોય તો અરજદાર તે કોર્ટ ફી ની રકમ પરત મેળવવાને હકકદાર રહેશે.

## ORDER BELOW Exh. 1 IN M. A. C. P. No. 3/2020

[1] The compromise pursis is produced today in this Lok Adalat by the claimants/Ld. Advocate for the claimants and the Ld. Advocate for the Insurance Company, which was read over and explained to them. They admitted the same and hence the same is recorded. Award be drawn in terms of the Compromise.

[2] The object of depositing the amount of compensation in Fixed Deposit Receipt is to ensure the payment at the time of right occasion and to overcome the financial difficulty in future. The amount deposited in Fixed Deposit Receipt would be helpful to the claimants to meet with the expenses in future. Hence, out of the amount coming to the share of claimant No. 1 and 2, 50% amount be deposited in FDR for a period of 5 years in any Nationalized Bank of the choice of the concerned claimant as per the usual terms and conditions and 50% amount be paid to her by Account Payee Cheque, after due verification. The entire amount of compensation coming to the shares of minor claimant Nos. 3 to 5, is ordered to be invested in Fixed Deposit Receipts in any nationalized bank of Govt. security with claimant No. 1 Geetaben Namdev Javle as their guardian for a period of FIVE YEARS or till the minor claimants attain the age of majority, whichever is later.

[3] The amount of compensation shall be apportioned amongst the claimants as under:

Claimant No. 1 : 60%
Claimant No. 2 : 10%
Claimant No. 3 : 10%
Claimant No. 4 : 10%
Claimant No. 5 : 10%

[4] As the matter is compromised between the parties, the Court fee amount, if any, be refunded.

[5] The Insurance Company is directed to deposit the Award amount as per the direction given by the Hon'ble Supreme Court in Writ Petition(s) (Civil) No.534/2020 through RTGs or NEFT mode in the account of Additional District Judge, Surat the details of accounts are as under :-

| | | |
|---|---|---|
| Branch | : | State Bank of India, |
| | | Nanpura Branch, Surat |
| A/c Name | : | Additional District Judge, Surat |
| A/c. No. | : | 40750729019 |
| IFSC | : | SBIN0001388 |
| MICR | : | 395002004 |

After deposited the awarded amount in this account, the insurance company shall inform and send the copy of said bank advice to the MACP Tribunal through email ID No.dcourt-mact-sut@gujarat.gov.in.

[6] The Applicants shall provide the details of PAN Card, Aadhar Card and Saving Bank Account for transfer of compensation as per the direction given by the Hon'ble Supreme Court in Writ Petition(s) (Civil) No.534/2020.

The conditions as regards the F.D.R. will be made at the time of withdrawal of amount.

ખર્ચ સંબંધી કોઈ હુકમ કરાવામાં આવતો નથી.

અરજદારે હાલની વળતર અરજી નાદારીમાં દાખલ કરેલ છે.

આજ **તારીખ ૧૩ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩** નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

(વિમલ કે.વ્યાસ)

| | | |
|---|---|---|
| આસીસ્ટન્ટ, | ડેપ્યુટી રજીસ્ટ્રાર, | એમ.એ.સી.ટી.(મેઈન) અને |
| ડીસ્ટ્રીકટ કોર્ટ, સુરત | એમ.એ.સી.ટી.બ્રાંચ, | પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ, |
| | ડીસ્ટ્રીકટ કોર્ટ, સુરત | સુરત. |

અરજદાર નાં વકીલ : શ્રી આર.સી.મહિન્દ્રકર

સામાવાળા નં.૧,૨ તર્ફે વકીલ : શ્રી જે.જે.જાની

સામાવાળા નં.૩ તર્ફે વકીલ : શ્રી એસ.કે.દેસાઈ

(આ મુક્દમાના પક્ષકારોને એવી ચેતવણી આપવામાં આવે છે કે , તેઓએ રજુ કરેલા દસ્તાવેજો માહેથી અપીલનો નિકાલ થયા પછી , કોઈપણ દસ્તાવેજ લઈ જવામાં નહી આવે તો તે (દસ્તાવેજ) નાશ કરવાને પાત્ર ગણાશે.)